**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૮.૦ ડીગ્રી
લઘુતમ : ૨૯.૦ ડીગ્રી
ભેજ
સવારે ૭૩ ટકા ● સાંજે ૪૪ ટકા

# શહેરમાં ટીસીએસનો વિસ્તાર સુનો

## વર્ક ફ્રોમ હોમની કામગીરી આપતાં કર્મચારીઓની અવરજવર ઘટી : ધમધમતો વિસ્તાર શાંત થયો

ગાંધીનગર, તા.૧૨

કોરોના બાદ લોકડાઉન અને હવે અનલોક-૧ શરૂ થતા નગરમાં કાંઈક અલગ માહોલ જોવા મળી રહ્યો છે. પહેલાની જેમ ધમધમતો અમુક એરિયા હાલ નિર્જીવ લાગી રહ્યો છે તો કયાંક પાછી ચહલપહલ શરૂ થઈ ગઈ છે. સરકારી ઓફિસ સિવાય પ્રાઈવેટ ઓફિસોમાં વર્ક ફ્રોમ હોમ આપી દેવાયું છે જેથી નગરના રસ્તા પણ પહેલા જેટલા ભરેલા જણાતા નથી. ખાસ કરીને નગરની આઈ.ટી. કંપનીઝમાં વર્ક ફ્રોમ હોમ આપી દેવાયું છે જે સરકારના નિયમને અનુસરી જુલાઈ ૩૦ સુધી તો આજ રીતે કાર્ય કરશે.

નગર સ્થિત અનેક આઈટી કંપનીમાંની ટીસીએસ જે ઈન્ફોસિટી ખાતે આવેલી છે ત્યાં નગરના તથા બહારગામથી આવેલા હજારોની સંખ્યામાં નોકરી કરતા એમ્પ્લોઈઝને લોકડાઉન શરૂ થતાની સાથે જ વર્ક ફ્રોમ આપી દેવાયું છે અને જુલાઈ સુધી આમ જ ચાલશે તેમ નગરમાં ચર્ચા ચાલી રહી છે. ટીસીએસની બે ઓફિસ નગરમાં છે એક ગરિમાપાર્ક અને બીજી ઈન્ફોસિટી બ્રાન્ચ જયાં આ સિવાય બીજી પણ આઈ.ટી. કંપની આવેલી છે. અહીં કામ કરતા તમામ કર્મચારીની અવરજવર સરગાસણથી લઈ ઈન્ફોસીટી, કુડાસણ અને રીલાયન્સ ક્રોસ રોડ સુધી થતી. નવું ગાંધીનગર અને ત્યાં આવેલા કેફે તો અહીંના કર્મચારીઓથી જ ભરેલા રહેતા. દિવસ-રાતની શિફટના તમામ કર્મચારી ચા-પાણી કરવા નજરે ચઢતા જેની હવે હાલ ઉણપ જણાઈ રહી છે. આ વિસ્તારની રોનકમાં વધારો કરતા આ કંપનીના કર્મચારી હાલ પોતપોતાના ઘરેથી જ પોતાનું કમ કરી રહ્યા છે.

આ કંપનીના એક રીપોર્ટ મુજબ કંપની વર્ષ ૨૦૨૫ સુધી તેના કર્મચારીઓને વર્ક ફ્રોમ હોમ આપવાનું વિચારી રહી છે. આ બાબતે ટીસીએસના લોકલ કર્મચારીઓને પૂછતા તેઓ જણાવે છે કે કંપનીને લગભગ વર્ક ફ્રોમ હોમ આપવાથી ફાયદો થયો છે. કારણ કે અમારી પ્રોકડકટીવીટમાં વધારો થયો હોય તેવું અમને લાગે છે. ઉપરાંત અન્ય આઈટી કંપનીની વાત કરીએ તો જુલાઈથી ઓગષ્ટ વચ્ચે પહેલા અમદાવાદ-ગાંધીનગરથી આવતા કર્મચારીઓને હાજર થવા જણાવાયું છે. બાદમાં ગુજરાત સ્થિત કર્મચારીઓને ૧૪ દિવસ અગાઉ નગરમાં આવી સેલ્ફ હોમ કોરન્ટાઈન થયા બાદ હાજર થવા જણાવાયું છે તથા ગુજરાતની બહારથી અહીં આવતા કર્મચારીઓને ઓગષ્ટ મહિનામાં જોઈનિંગ કરતા પહેલા ૧૪ દિવસ હોમ કોરન્ટાઈન થઈ ઓફિસમાં હાજર થવાનું કંપની દ્વારા જણાવવામાં આવ્યું છે.

આમ, લગભગ ટીસીએસના કુલ ૪ લાખથી વધુ કર્મચારી હાલ વર્ક ફ્રોમ હોમ કરી રહ્યા છે. હવે આ તમામ માટે હાયર ઓથોરીટી દ્વારા શું નિર્ણય લેવાય છે તે જોવું રહ્યું અને કોરોના લોકડાઉન દરમિયાન શહેરમાં ચા તથા નાના મોટા નાસ્તાના સ્ટોલ લગાવાતા બંધ થઈ ગયા છે. હવે જોવું રહ્યું કે, નવા વિસ્તારની દરેક ઓફિસની બહાર પહેલાની જેમ કર્મચારીઓ રસ્તા પર ચહલ-પહલ કરતા જોવા મળશે કે નહિ?



## સેકટર-૨૪ ખાતે બે શખ્સોએ ધમાલ મચાવી કારમાં તોડફોડ કરી

ગાંધીનગર, તા.૧૨

સેકટર-૨૪ હનુમાનજી મંદિર પાસે તે મારા પર ગાડી કેમ નાંખી કહીને ગાડીમાં સવાર એક યુવકને માર મારી ગાડીમાં પણ તોડફોડ કરી હતી. આ બે શખ્સોએ આંતક મચાવતા થોડા સમય માટે વસાહતીઓમાં પણ ભય જોવા મળ્યો હતો. બનાવ અંગે યુવકે સેકટર-૨૧ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે તપાસ શરુ કરી છે.

મળતી માહિતી મુજબ સંજયકુમાર કસ્તુરભાઈ માલી (ઉં.૨૭ શ્રી નગર સોસાયટી) ગુરુવારના રોજ સાંજના સુમારે પોતાના મિત્ર સાથે ગાડીમાં જઈ રહ્યો હતો. તે સમયે સે-૨૪ હનુમાનજી મંદિર પાસે અન્ય એક ગાડી પડી હોવાથી યુવકે કટ મારીને કાર ચલાવી હતી. આ સમયે સામેથી એક પલ્સર બાઈક આવી ગયુ હતું. જેથી બાઈક ચાલકે તે મારા પર ગાડી કેમ નાંખી કહી ધમાલ મચાવી હતી.સેકટર-૨૪ ખાતે રહેતા અભી અને અજયસિંહ ગોહિલ નામના આ બંન્ને શખ્સોએ ફરીયાદ તેમજ તેના મિત્રને માર માર્યો હતો. તે ઉપરાંત ગાડીમાં પણ તોડફોડ કરી હતી. જતા જતા બંન્ને શખ્સોએ ફરીયાદીને જાનથી મારી નાંખવાની ધમકી આપી જતા રહ્યા હતા. બનાવ અંગે સંજયકુમારની ફરીયાદ લઈ સે-૨૧ પોલીસે આગળની તપાસ શરુ કરી છે.

## નગર સ્થિત બેંક ઓફ બરોડા માટે ગ્રાહકની સુરક્ષા એજ પ્રથમ પ્રાથમિકતા






ગાંધીનગર, તા.૧૨

લાંબા સમયના લોકડાઉન પછી અનલોક-૧ના અમલ બાદ જયારે જનજીવન ધબકતું થયું છે ત્યારે બેન્કોમાં ગ્રાહકનો ધસારો પણ વધી રહ્યો છે. આ સમયે ગ્રાહકોની સુરક્ષા બેંક માટે અગ્રિમ પ્રાથમિકતા છે.

બેંક ઓફ બરોડા, ગાંધીનગર ક્ષેત્ર દ્વારા લોકડાઉનનાં સમયે પણ સોશીયલ ડીસ્ટન્સિંગ, સેનિટાઈઝેશનનું પુરતું ધ્યાન આપવામાં આવ્યું હતું. અને હવે અનલોક-૧ પછી પણ બેંક માટે ગ્રાહકની સુરક્ષા એ જ અગ્રીમ પ્રાથમિકતા છે. આ માટે બેંક ઓફ બરોડાની ગાંધીનગર ક્ષેત્રમાં આવેલ તમામ શાખાઓમાં સોશીયલ ડીસ્ટન્સિંગ, સેનિટાઈઝીંગની સાથે સાથે થર્મલગનની મદદથી ગ્રાહકોનું શરીરનું તાપમાન પણ માપવામાં આવી રહ્યું છે. ગાંધીનગર ક્ષેત્રમાં આવેલ બેંક ઓફ બરોડાની તમામ શાખામાં ગ્રાહકોની સુરક્ષાને ધ્યાનમાં રાખીને બધી જ બેંકિગ સેવાઓ અવિરત પણે આપવામાં આવી રહી છે.

## ચિલોડા પોલીસે ફિલ્મી ઢબે પીછો કરી દારૂ ભરેલી કાર ઝડપી

ગાંધીનગર, તા.૧૨

ચિલોડા -હિંમતનગર હાઈ વે પર છાલા પાસે વેન્ટો કારને અકસ્માત બાદ તેમાંથી પોલીસને ૪૩ બોટલ દારૂનો જથ્થો મળી આવ્યો હતો. ચિલોડા પોલીસે કુલ રૂ. ૨,૪૨,૪૨૧ નો મુદ્દામાલ કબ્જે કરી પ્રોહિ એકટ મુજબ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

મળતી વિગત મુજબ ચિલોડા પોલીસે આગમન હોટલ પાસે રાત્રીના સમયે વાહન ચેકીંગ કરી રહી હતી તે સમયે હિંમતનગર તરફથી આવી રહેલી વેન્ટો કાર નં. જી.જે.૦૧.એફ.ટી.-૦૩૭૬ ને રોકવા માટે ઈશારો કર્યો હતો. પરંતુ કાર રોકાઈ ન હતી, જેથી પોલીસે તેનો પીછો કરી ચિલોડા આડશ કરીને રોકવા માટે જણાવ્યું હતું. પરંતુ કારના ચાલકે મહુન્દ્રા પાટીયાથી યુ ટર્ન મારી કાર હિંમતનગર તરફ દોડાવી હતી. તે સમયે છાલા પાસે માર્ગમાં કાર ડિવાઈડર સાથે અથડાતા અકસ્માત સર્જાયો હતો. ત્યારબાદ કારમાંથી બે વ્યકિત નાસવાનો પ્રયત્ન કરતા પોલીસે તેમને પકડી પાડ્યા હતા. પોલીસે પકડી પાડેલા યુવાનોમાં પ્રણવ કમલેશ શર્મા (ઉં.૩૨ સાત્વીક હીલ ભાડજ), અને મહેન્દ્રભાઈ ભરતભાઈ પંચાલ (ઉં.૩૯ વટવા) હોવાનું સામે આવ્યું હતું. પોલીસે કારમાં તપાસ કરતા અંદરથી ૪૩ બોટલ દારુની મળી આવી હતી. પોલીસે રૂ. ૩૩,૪૨૧ નો ૪૩ બોટલ દારૂ, ૯ હજારના ૩ મોબાઈલ અને રૂ.૨ લાખની ગાડી મળી કુલ રૂ. ૨, ૪૨,૪૨૧ નો મુદ્દામાલ કબ્જે કરી ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.





કોરોના મહામારીના સમયમાં ફ્રન્ટલાઈન વોરીયર તરીકે કામ કરતા સેનેટરી ઈન્સ્પેકટર અને અન્ય ઝોનલ ઓફિસરોનું મનપાના ડેપ્યુટી મેયર શ્રી નાજાભાઈ ધાંધલે વિશેષ કીટ આપી સન્માન કર્યું હતું. આગામી વરસાદી સિઝનમાં સેકટરોની વિવિધ સમસ્યાઓનો ઉકેલ લાવવા અને કામગીરીમાં ઝડપ લાવવા તેમણે જણાવ્યું હતું.

ગાંધીનગર શહેર આયોજન બધ્ધ શહેર છે. સ્માર્ટ સીટી બનવાની દિશામાં તે આગળ વધી રહ્યું છે. જો કે શહેરની કેટલીક સમસ્યાઓ ઠેરની ઠેર છે. ઠેર ઠેર કચરો પડેલો જોવા મળે છે તો સફાઈ નિયમિત રીતે થતી નથી. વળી રખડતા ઢોરોની સમસ્યા પણ શહેરીજનોને મુંઝવે છે. રખડતા ઢોરો પકડવાની કામગીરી મનપાએ શરુ કરી છે પરંતુ હજુ સુધી આ સમસ્યાનો સંપૂર્ણ ઉકેલ આવતો દેખાતો નથી.





## વરસાદી ઝાપટાં સાથે ભૂવા પડવાનો શુભારંભ...!!

લો... વરસાદનું આગમન થઈ ગયું અને તે સાથે ભૂવાં પડવાનો શુભારંભ પણ થઈ ગયો. નિષ્ણાંતો કહે છે કે હજુ ચોમાસુ વિધિવત રીતે બેઠું નથી પરંતુ આ વરસાદ માત્ર નિસર્ગ વંટોળના કારણે સર્જાયેલા માહોલનો પરિપાક છે, આમ છતાં આટલા વરસાદી ઝાપટામાં ઠેર ઠેર ભૂવા પડવાની શરૂઆત થઈ ચુકી છે તેથી આ વર્ષે પણ ચોમાસાની ઋતુ જામશે ત્યારે કેટલા ભૂવા પડશે તેની તો કલ્પના જ કરવી રહી. વાવોલ નવનિર્મિત સોસાટી શિવેષ-૧૯૫ના મુખ્ય પ્રવેશદ્વાર આગળ પડી ગયેલા આ ભૂવામાં સવારે દૂધની ગાડી પણ ફસાઈ જવા પામી હતી.




## ઘ-૪ થી ઘ-૫ના વિસ્તારના પાર્કિંગમાં વરસાદી પાણી ભરાયા

શહેરના ઘ માર્ગ પર ઘ-૪ થી ઘ-૫ સુધીના વિસ્તારમાં જયાં સૌથી વધુ બેંકોની શાખાઓ કાર્યરત છે તે વિસતારમાં બનાવાયેલા પાર્કિંગમાં વરસાદી પાણીનો ભરાવો થઈ જતા વિસ્તારના મુલાકાતીઓ તથા બેંકોના ગ્રાહકો વગેરેને વાહન પાર્કિંગમાં ભારે અગવડ પડી રહી છે. વળી, આ સાથે વરસાદી પાણીના ભરાવાથી પાર્કિંગમાં લીલ જામવા સાથે રોજન્ય જીવાણુઓના ઉપદ્રવ વધવાની આશંકા પણ સેવાઈ રહી છે.




## પાલજ ખાતે પર્યાવરણ દિને વૃક્ષારોપણ કરાયું

ગાંધીનગર, તા.૧૨

પર્યાવરણ દિન નિમિત્તે ગાંધીનગર શહેર વસાહત મહાસંઘ દ્વારા સ્વ. પ્રદ્યુમનસિંહ કેસરીસિંહ વાઘેલાની સ્મૃતિમાં તેમન વતન પાલજ ખાતે સંઘના પ્રમુખ કેસરીસિંહ બિહોલા દ્વારા વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. જે સંદર્ભે સંઘના હોદેદારો દ્વારા શુભેચ્છા વ્યકત કરવામાં આવી છે.

## બે વર્ષ બાદ પણ ફરજ પર હાજર ન થતા પીઆઈ સામે ફરીયાદ

ગાંધીનગર, તા.૧૨

એક પોલીસ ઈન્સ્પેકટર સામે ફરીયાદ નોંધાઈ છે, બદલીના બે વર્ષ બાદ પણ હાજર ન થતા સ્ટેટ ક્રાઈમ રેકોર્ડ બ્યુરોના નાયબ પોલીસ અધિક્ષક વી.કે.દેલવાડીયાએ આ અંગે સે-૨૧ પોલીસ મથકે ફરીયાદ નોંધાવી છે.

ફરીયાદ મુજબ જુન-૨૦૧૮ માં પીઆઈ એલ.બી.ડાભીની બદલી એસીબીમાંથી એસસીઆરબી ખાતે થઈ હતી.બદલી છતા પીઆઈ બદલીના સ્થળે હાજર ન થતા ઓગ્સ્ટ-૨૦૧૮માં પીઆઈને નોટીસ આપીને તાત્કાલીક હાજર થવા કહેવામાં આવ્યું હતું. સપ્ટેમ્બર-૨૦૧૮ માં ફરી પીઆઈ તેમના જ્યોતિ ફલેટ મેમનગર અમદાવાદ તેમજ વતન સુરતના સરનામે નોટીસ આપવામાં આવી હતી. આમ છતા પીઆઈ હાજર ન થતા ગુજરાત પોલીસ એકટ મુજબ હાજર થવા માટે સુરત પોલીસ કમિશનર મારફતે નોટીસની બજવણી કરવામાં આવી હતી. બે વર્ષના સમય વીતી ગયો હોવા છતા પીઆઈ ફરજ પર હાજર ન થતા હવે તેમની સામે ગુજરાત પોલીસ એકટ હેઠળ ગુનો નોંધાયો છે.

## ગાંધીનગર એલસીબીએ બે સ્થળે અને અડાલજ પોલીસે એક સ્થળે દરોડા પાડી ૧૩ જુગારી ઝડપ્યા

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર એલસીબી પોલીસે બે સ્થળ પર અને અડાલજ પોલીસે એક સ્થળ પર દરોડો પાડીને જુગાર રમતા ૧૩ જુગારીઓને ઝડપી પાડ્યા છે. પોલીસે અંગજડતી અને દાવ પરથી મળીને કુલ રૂ. ૪૦,૭૦૦ રોકડ કબ્જે કરી જુગારધારા હેઠળ ગુનો નોંધી કાયદેસરની તપાસ હાથ ધરી છે.

મળતી વિગત મુજબ એલસીબી પીઆઈ જે.જી. વાઘેલાના માર્ગદર્શનમાં પીએસઆઈ એમ.જે.શીંદે અને તેમની ટીમના સભ્યો આ દિશામાં કાર્યરત હતા તે સમયે અ.પો.કો. વિપુલ રામભાઈને બાતમી મળી હતી કે પ્રેસ સર્કલ સેકટર-૨૮ છાપરા ખાતે ખુલ્લી જગ્યામાં કેટલાક શખ્સો જુગાર રમી રહ્યા છે. જેથી પોલીસે સ્થળ પર જઈને રેડ પાડતા જુગાર રમતા વિજય કાંતિભાઈ દંતાણી, અજીત ભીખાભાઈ દંતાણી, અનિલ અશોકભાઈ દેવીપૂજક, અને ગણેશ નાગરભાઈ ચાવડા ઝડપાયા હતા. પોલીસે જુગારીઓ પાસેથી રોકડ રકમ રૂ.૭૧૭૦ કબ્જે કરી સે-૨૧ પોલીસે ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

તો બીજી તરફ એલસીબી પીએસઆઈ ડી.એસ. રાઓલની ટીમ કલોલ તાલુકા વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતી તે સમયે એ.ગે.કો અનુપસિંહ બળવંતસિંહને બાતમી મળી હતી કે વેડા ગામની સીમમાં ચરામાં ખુલ્લી જગ્યામાં શખ્સો જુગાર રમી રહ્યા છે. જેથી પોલીસે રેડ પાડી જુગાર રમી રહેલા કુલદીપસિંહ વિક્રમસિંહ વાઘેલા (રહે. નવા ગામ કૃષ્ણનગર સોસાયટી તા. કલોલ), વનરાજસિંહ વિક્રમસિંહ ચાવડા (રહે. મહાકાલી વાસ વેડાગામ), અજયસિંહ ઉર્ફે અજીતસિંહ રણછોડજી ડોડીયા (રહે. દરબારવાસ વેડાગામ), પરિમલકુમાર રમણલાલ પટેલ (સ્વામીનારાયણ વાસ ગોવિંદપુરા વેડા), મુકેશકુમાર મોહનસિંહ ભાટી (રહે. દરબારવાસ બાલવા ગામ)ને પકડી પાડ્યા હતા. પોલીસે તમામ ઈસમો પાસેથી રૂ.૨૩૨૫૦ કબ્જે કરી આગળની તપાસ શરુ કરી છે.

જયારે બીજી તરફ અડાલજ પોલીસે બાતમીને આધારે ઉવારસદ ગામના ખાંટવાસ નાગણેશ્વરી વાડીની પાસે ખુલ્લી જગ્યામાં રેઈડ પાડી જુગાર રમી રહેલા ઉવારસદ ગામના ખાંટ વાસ ખાતે રહેતા રાજેશજી ઉદાજી ઠાકોર, બળદેવજી જયંતિજી ઠાકોર, અનિલજી રમેશજી ઠાકોર, કાળાજી બળદેવજી ઠાકોરને ઝડપી પાડ્યા હતા. પોલીસે જુગારીઓ પાસેથી રોકડા રૂ. ૧૦,૨૮૦ કબ્જે કરી જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની તપાસ શરુ કરી છે.

## કવિ કિશોર જીકાદરાને શહેર વસાહત મહામંડળ બિરદાવે છે

ગાંધીનગર, તા.૧૨

નગરની જાણીતી સંસ્થા ગાંધીનગર શહેર વસાહત મહામંડળના મંત્રી તરીકે કાર્યરત કિશોર જીકાદરા કે જે પોતાની ગઝલ અને લેખન માટે પ્રખ્યાત છે. તેમની એક ગઝલને ભાવનગર યુનિવર્સિટી દ્વારા પાઠયપુસ્તકમાં સ્થાન આપવામાં આવ્યું છે. આ ઘટનાને સંસ્થા બિરદાવે છે. સંસ્થાના પદાધિકારીઓ અરૂણ બુચ, મયુર વ્યાસ, પ્રદિપ સોલંકી, સુધિર દેસાઈ, કાલુભાઈ દેસાઈ, કશ્યપ મહેતા, શશીકાંત મોઢા, નિલેન્દુ વોરા, બી.એ. શુકલ, એસી નાયબ, ભાનુભાઈ દવે સહિત સર્વે દ્વારા તેમને અભિનંદન પાઠવવામાં આવ્યા છે.

## ચિરવિદાય

- સ્વ. સુથાર કૈલાસબેન નવિનચંદ્ર, ઉ.વ. ૭૦, સેકટર-૨-એ
- સ્વ. શર્મા અશોકભાઈ પ્રહલાદભાઈ, ઉ.વ. ૫૨, પેથાપુર, ગાંધીનગર
- સ્વ. શાહ ભરતકુમાર મનુભાઈ, ઉ.વ. ૬૭, સાબરમતી, અમદાવાદ
- સ્વ. દરજી ગોરધનદાસ મથુરદાસ, ઉ.વ. ૯૫, સેકટર-૨૮
- સ્વ. ડાભી મનુજી બળદેવજી, ઉ.વ. ૭૫, પેથાપુર-ગાંધીનગર
- સ્વ. નાયી જયશ્રીબેન અશોકભાઈ, ઉ.વ. ૫૬, મુ. પારસા, તા. માણસા
- સ્વ. સરોજબેન રમણભાઈ પટેલ, ઉ.વ. ૫૬, પેથાપુર-ગાંધીનગર
- સ્વ. કૈલાશબેન અનિલભાઈ પરમાર, ઉ.વ. ૨૯, ગોકુલપુરા, સે-૧૪